# આંક -૧ હેઠળ હુકમ

સદર કામ નુ રેકર્ડ વંચાણે લીધુ, વિ.એ.પી.પી. ને સાંભળ્યા.

સદર કામે આરોપી વિરુધ્ધ આક્ષેપીત ગુના નું તહોમત ધ્યાને લેતા સદર ગુનો સમન્સ ટ્રાયેબલ ગુનો છે. સદર કામનું નું રેકર્ડ જોતા,આ કામના આરોપી તેમજ તેના જામીનદાર વિરુધ્ધ અનેક વાર પ્રોસેસ કાઢવા છતા, પુરતી અને વાજબી તક આપવા છતા ફરીયાદપક્ષ તથા પોલીસ અસરકારક બજવણી કરવામાં નિષ્ફળ ગયેલ છે. આમ આ કામના આરોપીનો કોઇ પત્તો નથી કે ભવિષ્યમાં આરોપી મળી આવે તેવી કોઇ સંભાવના નથી. આમ,ફરીયાદપક્ષ તથા પોલીસે અસરકારક બજવણી માટે કોઇ પગલા લીધેલ હોય તેવુ રેકર્ડ જોતા જણાઇ આવતુ નથી તેમજ બજવણી અંગે ની નિષ્કાળજી છતી થાય છે. તે સંજોગોમાં હાલ નો કેસ પેન્ડિગ રાખવામાં અદાલત નો કિંમતી સમય વ્યય થાય છે અને ન્યાયિક પ્રક્રીયા વિલંબીત થાય છે.

સદર કામે આખરી હુકમ કરતા પહેલા નામ. સર્વોચ્ચ અદાલતે આપેલ **પી.રામચંદ્ર રાવ વિ. ધી સ્ટેટ ઓફ કર્ણાટક ૨૦૦૨(૨) જી.એલ.આર. પાન નં. ૧૫૪૯એસસી.ના ચુકાદાનો તથા એઆઇઆર ૨૦૧૨ એસસી ૩૨૧૭ રંજન દ્રીવેદી વિ. સીબીઆઇઅ ના ચુકાદાનો** નો નિર્ણયાધાર વંચાણે લેતા અદાલત ક્રી.પ્રો.કોડની કલમ-૨૫૮,૨૯૯ તથા ૩૦૯ નો યોગ્ય અને ઉચીત કીસ્સામાં યોગ્ય રીતે ઉપયોગ કરી શકે છે અને તથા ક્રિ.પ્રો.કોડ ની કલમ ૨૫૮ વંચાણે લઇએ તો અદાલત કોઇ પણ તબક્કે ન્યાયીક કાર્યવાહી સ્થગીત કરવાની સત્તા ધરાવે છે.વધુમાં નામદાર ગુજરાત વડી અદાલતના પત્ર નં.૨૯૧૭.૨૦૦૬ તા. ૧૭.૧૦.૨૦૦૬ માં નામદાર ગુજરાત હાઇકોર્ટે નીચલી અદાલતોને એવી સુચના આપેલ છે કે,આરોપીઓને અદાલત સમક્ષ હાજર રાખવા બાબતે અદાલતો પોલીસ તંત્રને મર્યાદીત તકો આપી યોગ્ય કીસ્સામાં કલમ-૨૫૮નો ઉપયોગ કરી શકે છે. જેથી પોલીસ તંત્રને હવે વધુ સમય આપવો ઉચીત જનાતો નથી. આમ,ઉપરોક્ત ચુકાદા માં તથા પત્રમાં જણાવેલ સિધ્ધાંતને ધ્યાને રાખી અક્ષમ્ય વિલંબ ટાળવા તથા ન્યાય ના હિત માં નીચે મુજબ નો હુકમ કરવામાં આવે છે

## હુકમ

સદર કામ ની ઇન્સાફી કાર્યવાહી ક્રિ.પ્રો.કોડ ની કલમ-૨૫૮ અન્વયે સ્થગીત કરી આ કામના આરોપીને આક્ષેપીત ગુનાઓના કામે બિનતહોમત છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી ભવિષ્યમાં પકડાય આવે તો તેમના વિરુધ્ધ નવેસરથી ચાર્જશીટ કરવું.

સદર કામે જે કોઇ કબજે કરાયેલ મુદ્દામાલ પરત્વે અગાઉ જો કોઇ વચગાળાનો હુકમ કરાયેલ હોય તો તેને કાયમી ગણવો અન્યથા મુદ્દામાલના માલીકની ખરાઇ કરી ક્રી.પ્રો.કોડની કલમ-૪૫૨ અન્વયે સદર મુદ્દામાલનો યોગ્ય નિકાલ કરવો.

અપીલ સમય વિત્યા સુધી જો મુદ્દામાલની માંગણી કરવામાં ના આવે તો ક્રીમીનલ મેન્યુઅલની જોગવાઇઓ મુજબ સદર મુદ્દામાલનો નિકાલ કરવો.

**હુકમ આજ તા: ૧૩મી માહે જુલાઇ સને ૨૦૧૯ ના રોજ સ્પેશ્યલ સિટીંગ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.**

તા: ૧૩/૦૭/૨૦૧૯
વડોદરા

(સુનિલકુમાર પ્રાણશંકર દવે)
**૭મા જ્યુડી.મેજી.ફ.ક,વડોદરા**
કોડ નં: જી.જે.-૦૧૩૯૦